**મહેન્દ્ર** આકાશમાં જોઈ રહ્યો હતો. મુંબઈનું મેલું આકાશ કેસરી થઈ ગયું હતું. સૂરજ ડૂબી ગયા પછીની એક અજબ લાલી મુંબઈના દરિયાને પણ કેસરી રંગે રંગી રહી હતી.

વિશાળ તેજસ્વી કપાળ, નમણું નાક ધરાવતો ચહેરો, ઘઉંવર્ણીથી પણ સહેજ વધુ ડાર્ક કહી શકાય એવી ત્વચા, લગભગ બધા જ કાળા, પરંતુ કાન પાસે અને કપાળ પાસે ધીરેધીરે ધોળા થઈ રહેલા વાળ, રિમલેસ ચશ્માંની પાછળ તેજસ્વી આંખો અને ૪૪ વર્ષે પણ બાળક જેવું સ્મિત ધરાવતા મહેન્દ્ર પારેખના ધોળા વાળ બાદ કરો તો કોઈ પણ માણસ એને આસાનીથી પાંત્રીસ-છત્રીસની ઉંમરનો ધારી લે.

રોજ જિમમાં જવાની આદતે એનું પેટ ૪૪ વર્ષે પણ તદ્દન ફ્લૅટ રાખ્યું હતું. પહોળા ખભા એની વીતી ગયેલી મહેનતકશ જિંદગીની સાક્ષી પૂરતા હતા. મજબૂત કાંડાં અને બાવડાં, લાંબી આંગળીઓ, ડાબા હાથની ત્રીજી આંગળી પર જે સોલિટેર હતો એની કિંમત જોતાં મહેન્દ્ર પારેખની હેસિયત બહુ સ્પષ્ટ થઈ જતી હતી.

બહાર લગાવેલી નિયોનનો બ્લૂ પ્રકાશ મહેન્દ્રના ચહેરા પર પડતો હતો. દસમા માળની ઑફિસની બહાર 'મહેન્દ્ર પારેખ સ્ટૉક ઇન્વેટર્સ' લખેલી નિયોન અંધારું થવાની તૈયારી સાથે ઝળહળી ઊઠતી.

'મહેન્દ્ર પારેખ સ્ટૉક ઇન્વેટર્સ' મુંબઈ શહેરનું એક આદરથી લેવાતું નામ હતું. છેલ્લાં ૨૦ વર્ષમાં એક પણ વાર મહેન્દ્ર પારેખે કરેલો સોદો ઊલટો નહોતો થયો. લેણદારની પાઈ-પાઈ ચૂકવી દેવાની આ કંપનીની શાખ હતી. એના માલિક મહેન્દ્ર પારેખ મુંબઈ શહેરના કરોડપતિઓમાંના એક ગણાતા.

એક્સપ્રેસ બિલ્ડિંગની સહેજ જ આગળ બે જ બિલ્ડિંગ છોડીને ઑબેરૉય પછી મહેન્દ્ર પારેખની ઑફિસ હતી.

મુંબઈ શહેરના મોટા ભાગના ગુજરાતી અને મારવાડી શેઠિયાઓ મહેન્દ્ર પારેખની ટિપને આખરી શબ્દ જેટલું માન આપતા. મહેન્દ્ર પારેખ પોતે ક્યારેય સટ્ટો નહોતા કરતા, પણ સટ્ટો કરનારા બધા જ મોટી રકમ નાખતાં પહેલાં એક વાર મહેન્દ્રભાઈની સલાહ પૂછવાનું મુનાસિબ સમજતા. સામાન્ય રીતે મહેન્દ્ર પારેખની સલાહ સામેવાળા માટે કમાણી જ લઈ આવતી.

દસમા માળે આવેલી એની ઑફિસમાંથી બહાર જોઈ રહેલા મહેન્દ્રને આજે આખું શહેર

ઉદાસ લાગતું હતું, કારણ કે મહેન્દ્ર આજે રોજ કરતાં સાવ જુદા મૂડમાં હતો. આજે એનું મન રહી રહીને ડૂબવા માંડતું હતું. જિંદગીનાં આટલાં બધાં વર્ષોમાં ક્યારેય આવી હતાશા કે નિરાશા નહોતી થઈ. દરેક પરિસ્થિતિનો સામનો કરવો એ મહેન્દ્રની પ્રકૃતિ હતી.

આજે પહેલી વાર આવી પડેલી આજની પરિસ્થિતિ મહેન્દ્રને નખશિખ ધ્રુજાવી ગઈ હતી. એણે ક્યારેય નહોતું કલ્પ્યું એવી પરિસ્થિતિ એના ટેબલ પર બંધ કવરમાં પડી હતી.

એ કવર ખોલીને જોવાની મહેન્દ્રની તાકાત ન હતી. જોકે એ કવરના બંધ કાગળમાં જે લખ્યું હતું એની મહેન્દ્રને જાણ તો હતી જ, તેમ છતાં એ ખોલીને વાંચવાની એની હિંમત નહોતી થતી!

એની ઑફિસના દસમા માળેથી દેખાતો ક્વીન્સ નેકલેસનો ટ્રાફિક સડસડાટ ચોપાટી ભણી દોડી રહ્યો હતો. પોતપોતાના ઘર તરફ જવાની શુક્રવાર સાંજની ઉતાવળ મુંબઈગરાઓમાં છલકાઈ રહી હતી. બી.ઈ.એસ.ટી.ની લાલ બસ, લાંબી-ટૂંકી ગાડીઓ અને ટૅક્સીઓ તે અર્ધગોળાકાર રસ્તા પરથી થઈને સડસડાટ પસાર થઈ રહી હતી. આસપાસનાં બિલ્ડિંગોમાંથી નીકળતા માણસો જાણે કીડીના દરમાંથી ઊભરાતા કીડિયારાની જેમ બસ-ટ્રેન-ટૅક્સી પકડવા ઘાંઘા-વાંઘા થઈને દોડી રહ્યા હતા.

મુંબઈ શહેરનું એક વધુ અઠવાડિયું પૂરું થયું હતું!

હવે આવનારા બે દિવસ પગ લંબાવીને જીવવાના દિવસો હતા. સોમવારની સવારે ફરી એક વાર જિંદગીની લડાઈમાં જોડાઈ જવા માટે ફેફસાં ભરી લેવાના દિવસો હતા. સોમથી શુક્ર માત્ર મશીન બનીને દોડતા મુંબઈગરાઓ ધીમેધીમે આજની સાંજ ઢળે તે પહેલાં માણસ બનવાના હતા, બની રહ્યા હતા.

સોનેરી સાંજ આંખોમાં છલકાઈ રહી હતી, જે સુરા બનીને કંઈ કેટલાય ગળાની નીચે ઊતરી જવાની તૈયારી હતી.

લૅન્ડ્સ એન્ડ નરીમાન પૉઇન્ટથી શરૂ કરીને ચર્ચગેટ, એનાથીયે આગળ મરીન લાઇન્સ સુધીની ફૂટપાથ સાંજના જૉગર્સ અને ટહેલવા નીકળેલા વૃદ્ધોથી ઊભરાવા લાગી હતી. દરિયા તરફ ચહેરા કરીને પાળી પર બેઠેલાં પ્રેમીપંખીડાં જાણે દુનિયાની પડી જ ના હોય એમ શરૂ થનારા વીકએન્ડની સાજ માણી રહ્યાં હતાં.

નારિયેળ પાણીવાળા, ખારી સિંગ અને કૉફીવાળા, ગંડેરી અને ચણાજોર ગરમવાળા બૂમો પાડતા પસાર થઈ રહ્યા હતા. ફુગ્ગાવાળા અને ઘોડાવાળાની ભીડ લૅન્ડસ એન્ડ ઉપર બાળકોના મનોરંજન માટે એકઠી થઈ હતી.

પોતાની ઑફિસના વેનેશિયન ખોલીને આઠ બાય ચારની બારીમાંથી બહાર જોઈ રહેલા મહેન્દ્રને આજની સાંજનું મુંબઈ સાવ અજાણ્યું લાગતું હતું. આજે એને શહેર છોડીને ભાગી છૂટવાની ઇચ્છા થતી હતી. આ ભીડ, આ માણસો અને આથમતી સાંજ સામાન્ય રીતે એનું ગમતું દૃશ્ય હતું. દર શુક્રવારે એ પણ ઘર તરફ દોડતી આ ભીડનો એક હિસ્સો બનવા

બેબાકળો રહેતો. છેલ્લાં ૧૦-૧૨ વર્ષથી આ વાત એનો સ્ટાફ પણ જાણી ગયો હતો. શુક્રવારે સાંજે પાંચ વાગ્યાથી જ મહેન્દ્ર પોતાનો દિવસ આટોપવા લાગતો. શૅર માર્કેટ બંધ થાય એ પછી ક્લોઝિંગ કરવાનો સમય પણ જાણે મહેન્દ્ર માટે વધારાનો સમય બની રહેતો.

'ક્યારે દિવસ પૂરો થાય અને ક્યારે ઘરે પહોંચી જાઉં'ની ઉતાવળ એને છેલ્લા કેટલાયે વખતથી આ જ રીતે રહેતી હતી.

ક્યારેક એના જૂના સ્ટાફમાંથી કોઈ મજાક પણ કરતું, "સાહેબ, ઘેર જવાની આટલી બધી ઉતાવળ લગ્નનાં ૨૦ વર્ષે પણ સચવાઈ રહી છે એ જોઈને આનંદ થાય છે."

મહેન્દ્ર પારેખ જવાબ ન આપતો, પણ એના સ્મિતમાં એ બધું જ આવી જતું હતું, જે એની ૨૦ વર્ષની જિંદગીનો હિસાબ હતો.

મહેન્દ્ર બહુ જ ઓછું બોલતો. ડોકું ધુણાવવાથી કામ ચાલે તો મહેન્દ્ર શબ્દોનો ઉપયોગ ભાગ્યે જ કરતો. બાળપણથી જ થોડો શરમાળ અને ઓછાબોલો મહેન્દ્ર એકલો જ જીવ્યો. એને ખાસ મિત્રો પણ નહોતા. ઘર અને ઑફિસ સિવાય એવી મોટી દુનિયા પણ નહોતી એની.

ક્લબ્સ, દારૂ, રેસ, જુગાર – આમાંના કરોડપતિઓના કોઈ શોખ મહેન્દ્ર માટે નકામી બાબતો હતી. મોડી રાત સુધી મિત્રો સાથે રઝળવું, કૉફી શૉપ્સમાં જવું કે બારમાં બેસીને, 'મલેશિયા, સિંગાપોર, મૉરિશ્યસ, ઇજિપ્તની વાતો કરવી...' આમાંનું કશું જ મહેન્દ્ર નહોતો જ કરતો.

છતાં એક સપના જેવી અદ્ભુત જિંદગી હતી એની.

ઍટ લીસ્ટ, મહેન્દ્રને તો એમ જ લાગતું.

નાનકડા શહેર ભાવનગરથી મુંબઈ આવ્યો ત્યારે મહેન્દ્ર પારેખ એક સગાને ત્યાં સી. પી. ટૅન્કની ચાલીમાં ઊતર્યો હતો. આ શહેરને જોઈને ડઘાઈ ગયેલા મહેન્દ્રને વળતી ગાડીએ પાછા જવાની ઇચ્છા થઈ ગયેલી, પણ મા-બાપ વગરના મહેન્દ્રને મૅટ્રિક કરાવીને કાકાએ મુંબઈ ધકેલી દીધો હતો.

સાથે જ હાથ ખંખેરી લીધા હતા. હવે પાછા જવાની કોઈ જગ્યા નહોતી. એણે અહીં જ રહેવાનું હતું અને અહીં જ જીવવાનું હતું!

આ ૨૦ વર્ષની ઊબડખાબડ સફર દરમિયાન મહેન્દ્રએ જિંદગીના ઘણા રંગો જોઈ નાખ્યા હતા. એ બધા જ રંગોની સામે મહેન્દ્ર માટે એક રંગ સૌથી અગત્યનો હતો. એ હતો એની પત્ની માધવી સાથેના સંબંધનો, સહકારનો, સ્નેહનો રંગ.

મહેન્દ્ર અને માધવીનાં લગ્નને દોઢ દાયકો પૂરો થવા આવ્યો હતો.

છતાં, મહેન્દ્ર માધવીને અથાગ પ્રેમ કરતો. એને સ્પર્શવાની તરસ આ દોઢ દાયકાના લગ્નજીવન પછી પણ મહેન્દ્રની હથેળી કે હોઠમાં ઘટી નહોતી.

વૈભવી બેડરૂમના રેશમી પલંગ પર પીળા પ્રકાશમાં માધવીના કમરથીયે નીચે પહોંચતા વાળમાં પોતાનો હાથ ફેરવતાં મહેન્દ્ર ઘણી વાર એને પૂછતો, "તને ક્યારેય મારી સાથે ઝઘડવાનું મન નથી થતું?"

"થાય છે ને..." માધવી હસી પડતી.

મહેન્દ્ર એના વાળ પકડીને, એનો ચહેરો પોતાની નજીક લઈ આવતો, એની માછલી જેવી કથ્થઈ આંખોમાં પરોવતો, "તો ઝઘડતી કેમ નથી? ક્યારેક ઝઘડ મારી સાથે, ગુસ્સે થા, વાસણ ફેંક, બૂમો પાડ, રડ..."

"ખરું પૂછો તો મારેય આ બધું કરવું છે." માધવી પોતાની કોમળ હથેળી મહેન્દ્રના રૂક્ષ ચહેરા પર ફેરવતી. આંગળીઓથી એના વાળ સરખા કરતી. "પણ તમે મને ઝઘડવાનું કારણ જ નથી આપતા." માધવીની આંખોમાં આછી ભીનાશ તરવરી આવતી, "ક્યારેક મોડા આવો, મને કોઈ વસ્તુની ના પાડો, ખખડાવો, મારી સાથે ઊંચા અવાજે બોલો..." એના ચહેરા પર એક તોફાની સ્મિત આવી જતું. "નાનું-મોટું લફરું કરો... તો ઝઘડો કરું ને?"

"ક્યારેક મને એવું લાગે છે કે આપણા સંબંધમાં કશું ઍબ્નૉર્મલ છે."

"મહેન્દ્ર..." માધવી મહેન્દ્રના બંને હાથ પોતાની આસપાસ લપેટીને એની છાતી પર માથું ટેકવી આરામથી બેસતી, "લોકોનો પ્રૉબ્લેમ એ હોય છે કે એમના ઝઘડા કેમ થાય છે? મૅરેજ કાઉન્સિલર પાસે જાય છે, સાઇકિયાટ્રિસ્ટ પાસે જાય છે અને આપણે નથી ઝઘડતાં તો તમને ઍબ્નૉર્મલ લાગે છે? ખરા છો!"

"માધવી, ઘણી વાર મને નવાઈ લાગે છે..." પોતાની છાતી પર માથું ટેકવીને બેઠેલી માધવીના વાળમાં મહેન્દ્રની આંગળીઓ ફરતી રહેતી, "તેં ક્યારેય બીજી સ્ત્રીઓ જેવું કશું જ ના કર્યું. ન દાગીના માગ્યા, ન સગવડો માગી, ન કોઈ બાબતે ફરિયાદ કરી, ન ક્યારેય મારા ઓછાબોલા સ્વભાવ કે અતડાપણા વિશે કોઈ કચકચ કરી..."

"મહેન, મને તમે જેવા છો એવા જ ગમો છો. મેં ચાહ્યા છે તમને, આવા જ! તમે પણ મને આવી ચાહી છે. સાદી-સીધી ને ઘરરખુ ગૃહિણી છું તો પણ..."

"એટલે?"

"મને તો તમારી બિઝનેસ પાર્ટીઓમાં મળતી બીજાઓની પત્નીઓની જેમ અંગ્રેજી બોલતાં અને વાતો કરતાં નથી આવડતું. તમે તો ઘણા આગળ વધી ગયા છો, પણ હું તો હજીયે નાનકડા ઘોઘા ગામની એ જ માધવી રહી છું."

આટલું કહેતાં તો એ ગળગળી થઈ જતી.

મહેન્દ્ર પારેખની સફળતા પછી અને એની પાસેની સંપત્તિ પછી કદાચ કોઈ એને એના ભણતર વિશે પૂછતું નહોતું, પણ મહેન્દ્ર મૅટ્રિક પાસ હતો! મુંબઈ આવીને આ શહેરમાં જીવવા નીકળેલા મહેન્દ્રએ જાતે ખત્તા ખાઈને અંગ્રેજી, કૉમ્પ્યૂટર કે શૅર માર્કેટની ચડ-ઊતરનો અભ્યાસ કર્યો હતો.

એનું અંગ્રેજી સાંભળનારને કે એને લૅપટૉપ વાપરતો જોનારને કલ્પના પણ ન આવે કે મહેન્દ્ર ભાવનગરની 'ઘરશાળા'માંથી મૅટ્રિક પાસ હતો.

મુંબઈના કરોડપતિઓની પત્નીઓમાં માધવી કદાચ ભળી નહોતી શકતી. એની સાદગી, અંગ્રેજી ન બોલી શકવાની મર્યાદા અને સરળતા એને કહેવાતી 'હાઈ સોસાયટી'નો ભાગ બનતાં રોકતી હશે, પણ મહેન્દ્ર માટે આ જ માધવી એની જીવનસંગિની હતી.

અત્યારે બહાર દેખાતા મુંબઈના ગાંડા ટ્રાફિકને જોતો મહેન્દ્ર જાણે વીતેલાં વર્ષોને ફરી એક વાર સંવેદી રહ્યો હતો.

સી. પી. ટૅન્કની ચાલીના ભાડાના ઘરમાંથી અંધેરીના એક બેડરૂમના પોતાના ઘરમાં પહેલી વાર શિફ્ટ થયા ત્યારે માધવી આખા ઘરમાં વાવાઝોડાની જેમ ફરી વળી હતી.

"આ તો બહુ મોટું ઘર છે, મહેન. આપણી પાસે આટલો સામાન જ નથી." એણે દીવાલોને જે મમતાથી હાથ લગાડ્યો હતો એનાથી જાણે દીવાલ ધબકી ઊઠી હોય એટલો પ્રાણ એ ઘરમાં મહેન્દ્ર અનુભવી શક્યો હતો.

"મોટું? તને સાઉથ બૉમ્બેના ચાર બેડરૂમના ઘરમાં લઈ જઈશ, યાદ રાખજે..." મહેન્દ્રે માધવીને બહુપાશમાં ઘેરી લીધી હતી.

'મહેન, આ... આ મારું ઘર છે એ વિચાર જ મને રહી-રહીને રોમાંચિત કરી જાય છે. આ ઘર મારા માટે જાણે સપનું સાચું પડ્યું હોય એવું, પરીકથાના મહેલ જેવું છે." માધવીએ મહેન્દ્રની છાતી પર માથું ટેકવી દીધું હતું. એના શર્ટના બટન સાથે રમત કરતાં, છાતીના વાળમાં આંગળીઓ પરોવતાં માધવીની આંખો ભરાઈ આવી હતી. 'પહેલો પ્રેમ, પહેલું સંતાન અને પહેલા ઘરનો રોમાંચ ફરી ક્યારેય નથી થતો મહેન... હવે આપણે ગમે તેટલા મોટા ઘરમાં જઈએ..." એણે મહેન્દ્રની આંખોમાં જોયું હતું, "તમે કહો છો એટલે લઈ જ જશો, મને ખબર છે, પણ આ ઘર ક્યારેય નહીં વેચતા."

અંધેરીનો એ જુહુ ગલીનો ફ્લૅટ આજે પણ મહેન્દ્રએ વેચ્યો નહોતો! કોણ જાણે કેમ, અત્યારે, આ પળે મહેન્દ્રને એ ઘરમાં જઈને ધ્રુસકે-ધ્રુસકે રડી પડવાનું મન થયું.

"હું છેલ્લો ક્યારે રડ્યો હતો?" મહેન્દ્રએ જાતને જ પૂછ્યું.

દુ:ખી થવું મહેન્દ્રનો સ્વભાવ નહોતો. ગૂંચવણમાંથી માર્ગ કાઢવાની એની કુદરતી દેન હતી જાણે. ફરિયાદ ના કરવી એ એની જિંદગીનો સિદ્ધાંત હતો. એને હંમેશાં હસતા રહેવામાં મર્દાનગી લાગતી.

પણ આજે, કોણ જાણે કેમ, એને રહી-રહીને ડૂમો ભરાઈ આવતો હતો. એણે ઘડિયાળમાં જોયું. સાડા સાત થવા આવ્યા હતા. આટલાં વર્ષોમાં કદાચ આ પહેલા શુક્રવારની સાંજ હતી. જ્યારે મહેન્દ્ર હજી ઑફિસમાં જ હતો. "સર..." એની સેક્રેટરી મહેર બાટલીવાલા એની ચેમ્બરનો દરવાજો ખોલીને બારસાખમાં ઊભી રહી. બારી પાસે ઊભા રહીને બહાર જોઈ રહેલા મહેન્દ્રના ચહેરા પર એણે જાણે શું વાંચ્યું કે સીધું જ પૂછી નાખ્યું. "ઍની પ્રૉબ્લેમ સર?"

“નો... નો... મહેર! તારે ઘરે જવું હશે, નહીં?”

“તમારે નથી જવું?! મહેરે જરા ચિંતાથી પૂછ્યું, “સાડા સાત થવા આવ્યા છે સર.”

“હું...?! હું રહીશ થોડી વાર.” મહેન્દ્રએ ફરી ચહેરો બારી તરફ ફેરવી દીધો. થોડીક ક્ષણો એમ જ ચૂપચાપ પસાર થઈ ગઈ. મહેર ત્યાં જ ઊભી રહી એટલે મહેન્દ્રએ ધીમેથી “તમારે જવું હોય તો જાવ. કાશીરામને કહેજો રોકાય, બાકી બધાને જવું હોય તો જાય.”

“જી સર....” મહેરે કહ્યું એ દરવાજો બંધ કરવા જતી હતી કે એની નજર ટેબલ પર પડેલા ઇન્ટરકોમ પર પડી. ઇન્ટરકોમનું રિસીવર ઊંચકીને નીચે મુકાયું હતું. એ અંદર દાખલ થઈને રિસીવર સરખું કરવા જતી હતી કે મહેન્દ્રએ એને રોકી, “એ એમ જ રહેવા દે મહેર.”

એ જ વખતે એની નજર ટેબલ પર પડેલા મહેન્દ્રના બે મોબાઇલ પર પડી. બંને સ્વીચ ઑફ હતા. મહેરે નવાઈથી મહેન્દ્ર તરફ જોયું, “સર...”

“ગુડ નાઇટ મહેર... હેવ અ નાઇસ વીકએન્ડ...”

આગળ સવાલો નહીં પૂછવા, ત્યાંથી જતા રહેવા માટે આ સ્પષ્ટ સંકેત હતો એવું મહેન્દ્રને છેલ્લાં દસ વર્ષથી ઓળખતી મહેર સમજી શકી. એ કશું જ બોલ્યા વિના ત્યાંથી બહાર નીકળી ગઈ. પણ એના મનમાં એ સવાલ તો ઘૂંટાતો જ રહ્યો કે મહેન્દ્રએ આવું શું કામ કર્યું? છેલ્લાં દસ વર્ષમાં ક્યારેય મહેન્દ્રએ આવી રીતે કોઈની પણ સાથે સંપર્ક કાપ્યો હોય એવું એને યાદ નહોતું. એ દેશમાં હોય કે પરદેશમાં, અડધી રાત્રે પણ મહેન્દ્રનો મોબાઇલ ચાલુ જ રહેતો.

એણે પોતાનાં ખાનાં લૉક કર્યાં અને ઑફિસ પર છેલ્લી નજર નાખીને નીકળવા જતી હતી કે ઈ.પી.એ.બી.એક્સ. રણકી ઊઠ્યું.

“મહેર...” માધવીનો અવાજ મહેરથી અજાણ્યો નહોતો, “મહેન ક્યાં છે?”

મહેરને સમજાયું નહીં કે એને શું જવાબ આપવો? એ ફરી પાછી મહેન્દ્રની ચેમ્બરમાં ગઈ, “સર... મેમનો ફોન છે....”

“એને કહી દો હું બહાર છું.” મહેન ફરી બારીના કાચ તરફ ફરી ગયો.

•

**એ** મહેર તરફ ફર્યો હતો ત્યારે આછા અજવાળામાં મહેરને તેની આંખોમાં પાણી દેખાયાનો ભાસ થયો હતો, પણ એણે કશું પૂછ્યું નહીં.

બારસાખની વચ્ચે પૂતળાની જેમ થીજી ગયેલી મહેરે ક્યારેય મહેન્દ્રને જૂઠું બોલતો નહોતો જોયો. ગમે તેવા ચીકણા ક્લાયન્ટ કે લેણદારનો ફોન પણ મહેન્દ્ર ક્યારેય ટાળતો નહીં. મહેરે હંમેશાં મહેન્દ્રને એક સરળ, સાચા અને સ્પષ્ટ માણસ તરીકે જોયો હતો. મહેન્દ્રને જૂઠું બોલતો સાંભળીને મહેરને નવાઈ તો લાગી, એમાંય માધવીનો ટેલિફોન લેવાની મહેન્દ્ર ના પાડે એવું મહેરની દસ વર્ષની નોકરીમાં ક્યારેય નહોતું બન્યું.

મહેન્દ્ર ગમે તેટલી અગત્યની મિટિંગમાં હોય, માધવીનો ટેલિફોન મહેન્દ્રને આપવો જ એવી મહેરને સૂચના હતી. મહેરે પાર્ટીઝમાં કે બીજા સ્થળોએ મહેન્દ્ર અને માધવીને એકબીજાંની સાથે જે રીતે વર્તતાં જોયાં હતાં એ પછી એને હંમેશાં સવાલ થતો, "લગ્નનાં આટલાં વર્ષે આવો અદ્ભુત સંબંધ હોઈ શકે?"

એ જ મહેન્દ્ર આજે માધવીનો ફોન લેવાની ના પાડતો હતો! ઘેર જવાને બદલે ઑફિસમાં રોકાવા માગતો હતો એટલે કંઈક ગરબડ હતી એ તો નક્કી. પણ મહેન્દ્રના ઓછાબોલા સ્વભાવ અને અતડાપણાને જાણતી મહેર વધુ સવાલો પૂછી શકે તેમ નહોતી.

"જી સર..." કહીને તેણે દરવાજો બંધ કર્યો અને બહાર નીકળીને ફોન પર રાહ જોઈ રહેલી માધવીને કહ્યું, "સર તો નીકળી ગયા છે."

"અચ્છા!" માધવીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું, "એમનો મોબાઇલ પણ બંધ છે." માધવીએ કહ્યું. મહેરે હજુ હમણાં જ બંધ મોબાઇલ જોયો હતો એટલે એ વિશે કંઈ બોલ્યા વિના એણે ચૂપચાપ સાંભળી લીધું, "કંઈ મૅસેજ છે?" એણે પૂછ્યું, પછી એને ખ્યાલ આવ્યો કે આ તો ઘરે જવાનો સમય છે. હવે મૅસેજ લઈને એ કોને આપવાની છે?

"ના." માધવીના અવાજમાં આછી અસમંજસ હતી, એણે ફોન મૂકી દીધો. મહેર પણ ઑફિસની બહાર નીકળી ગઈ અને પોતપોતાના ઘર તરફ દોડતાં ટોળાંઓમાં ભળી ગઈ.

આકાશ તરફ જોઈ રહેલા મહેન્દ્રને રહી-રહીને એક જ સવાલ થતો હતો, "મારી જ સાથે આવું શું કામ થયું?"

એના ટેબલ પર પડેલું સફેદ રંગનું બંધ કવર મહેન્દ્રના હૃદયની જેમ જ ફફડી રહ્યું હતું. આજે પહેલી વાર મહેન્દ્રને મિત્રોની ખોટ સાલતી હતી.

"કોઈ હોય, જેને પોતાના મનની વાત, મૂંઝવણ કે પીડા કહી શકાય." મહેન્દ્રને વિચાર આવ્યો, "આ વાત કહું તો કોને? અને જો નહીં કહું તો મનમાં રહ્યું-રહ્યું આ વાત મારા માથાની નસો ફાડી નાખશે."

એણે ભાગ્યે જ કોઈ સાથે એના પ્રૉબ્લેમ કે મૂંઝવણની વાત કરી હશે!

બિઝનેસમાં આવતા નાના-મોટા સવાલોને એણે ક્યારેય પ્રૉબ્લેમ ગણ્યા જ નહોતા ને અંગત જીવનની બે દાયકાની સફરમાં નાની સરખીયે ગૂંચ ઊભી જ નહોતી થઈ! 'એને સુખ ગણું કે દુઃખ' મહેન્દ્રને સવાલ થયો, 'મુશ્કેલી આવી હોત તો કદાચ એના હલ શોધતાંયે શીખ્યો હોત હું!'

કમાવાની દોડમાં અને મુંબઈ શહેરમાં રોજેરોજ એક ડગલું આગળ વધવાના કમરતોડ પ્રયાસમાં મહેન્દ્રને એટલો સમય જ નહોતો મળ્યો કે એ કોઈ મિત્રો બનાવી શકે. આમ પણ એને ક્યારેય કંપનીની જરૂર જ નહોતી પડતી.

સારાં પુસ્તકો, સારું સંગીત અને માધવી એને માટે જિંદગીની જરૂરિયાતો પૂરી કરી નાખતાં હતાં. સાંજે એક વાર ઘરે પહોંચે પછી મહેન્દ્ર અને માધવી ભાગ્યે જ ક્યાંય બહાર જતાં.

ને જાય તો પણ મરીન ડ્રાઇવની ફૂટપાથ પર ચાલવા, ચોપાટીની રેતી પર પગ પસારીને બેસવા, પારસી ડેરીની કુલ્ફી ખાવા કે ક્યારેક બી.ઈ.એસ.ટી.ની ૧૩૨ નંબરની બસના ઉપરના માળે બેસીને મરીન ડ્રાઇવનો આંટો મારવા!

હા, સંગીતના કાર્યક્રમો અને સારાં નાટકો મહેન્દ્ર ક્યારેય છોડતો નહીં.

ઘરે લોકોને બોલાવીને પાર્ટી કરવાનો શોખ પણ મહેન્દ્રને ઓછો જ હતો. ત્રણથી ચોથો માણસ ઘરમાં આવે તો મહેન્દ્રને ટોળાં જેવું લાગતું.

માધવી ઘણી વાર એની મજાક પણ કરતી, "આવું સુંદર ઘર બનાવ્યું છે, બે-ચાર લોકોને બોલાવા તો જુએ, ને તમારા ઘરનાં વખાણ કરે... તમને તો એવુંય નથી ગમતું."

"મેં મારું ઘર મારા માટે બનાવ્યું છે, તારા માટે બનાવ્યું છે. સોનાલી માટે બનાવ્યું છે... લોકોને દેખાડવા નથી બનાવ્યું."

પણ મહેન્દ્ર પારેખનું ઘર હતું જોવા જેવું!

ઘરની નાની-નાની ડિટેઇલમાં રસ લઈને બનાવાયેલું ચાર બેડરૂમનું આ ઘર ખરેખર કોઈ જુએ તો વખાણ્યા વિના રહી શકે એવું નહોતું જ!

ચર્ચગેટ 'બી' રોડ પર સામે દરિયો દેખાય એવું ચોથા માળનું ઘર જેમાં ડ્રૉઇંગરૂમથી શરૂ કરીને બેડરૂમ સુધીની બધી જ દીવાલો વેક્યુમ ગ્લાસની બનાવેલી હતી. બહારના ટ્રાફિકનો અવાજ કે સૂર્યનાં સીધાં કિરણો ઘરને ઇફેક્ટ ના કરે અને છતાંય યુવી રેઝ ચળાઈને સૂર્યનો પ્રકાશ ઘરમાં પૂરેપૂરો મળી રહે એવી અદ્યતન જર્મન ગ્લાસની આ વિન્ડોઝ એના ડ્રૉઇંગરૂમને એક અદ્‌ભુત લુક આપતી હતી. સીધો દરિયો દેખાય એવી રીતે બાંધેલી પથ્થરની બેઠક, એની આસપાસ ગોઠવેલા ચિનાઈમાટીના – બ્લૂ પૉટરીના અને ત્રાંબાનાં ઍન્ટિક કૂંડાંઓમાં ઉગાડેલી ગ્રીનરીઝની વચ્ચે માધવી સાથે બેસીને વાતો કરતા મહેન્દ્રને સાંજ ભરી-ભરી લાગતી.

એ અને માધવી બે જણા સાથે હોય તો મહેન્દ્રને ક્યારેય મિત્રો કે ત્રીજા કોઈનીય ખોટ સાલી જ નહોતી!

માધવીને પણ પરણીને આવ્યા પછી શરૂઆતમાં મહેન્દ્રનો આ સ્વભાવ થોડોક અલગ, થોડોક વિચિત્ર લાગતો, પણ ધીમેધીમે એણે પણ મહેન્દ્રના આ સ્વભાવને સ્વીકારી લીધો હતો. એ સમજી શકી હતી કે મહેન્દ્ર એકલવાયો નહોતો, એને એકાંત ગમતું! પોતાની સાંજને, પોતાના ખાલી સમયને ભરવાની એની આગવી રીત હતી.

એ મૅટ્રિક પાસ થઈને મુંબઈ આવ્યો પછી પુસ્તકો જ એની યુનિવર્સિટી બન્યાં હતાં. એનો વાંચવાનો શોખ, માધવીને પણ ધીમેધીમે લાગ્યો હતો. ગાડર્નિંગ, જિમ, સંગીત અને વાંચનને મહેન્દ્રની જેમ જ સ્વીકારીને માધવીએ મહેન્દ્રના એ એકાંતને ભરી દેવાના પોતાનાથી થઈ શકે એવા અને એટલા પ્રયાસો હંમેશાં કર્યા હતા.

એમના એ 'ઘર' સાથે એમની બધી જ પ્રવૃત્તિ, એમનાં બધાં જ સુખ જોડાયેલાં હતાં!

મહેન્દ્રને આજે, આ પળે એ ઘરમાં, એ ડ્રૉઇંગરૂમમાં ગાળેલી કંઈ કેટલીયે સાંજ વારે-વારે યાદ આવી રહી હતી.

જ્યારે આ ઘર પૂરેપૂરું બની ગયું ત્યારે જ મહેન્દ્ર માધવીને પહેલી વાર આ ઘર જોવા લઈ આવ્યો હતો. એક જૂનો ફ્લૅટ ખરીદીને એને પૂરેપૂરો રિનોવેટ કરીને ઇન્ટીરિયર ડિઝાઇન પૂરી થયા પછી, ક્રોકરી-વાસણ અને ગાદલાં સુધ્ધાં વસાવ્યાં પછી જાણે કોઈ રહેતું હોય એવી રીતે આ ઘર તૈયાર કરીને મહેન્દ્ર માધવીને અહીં લઈ આવ્યો હતો.

"તારું ઘર." મહેન્દ્રએ માધવીના હાથમાં ચાંદીનો ઝૂડો પકડાવ્યો હતો. ઘર ખોલીને માધવી ઘરમાં પ્રવેશી કે પાછળ મહેન્દ્રએ ફૂલોની પાંખડીઓ છાંટીને એને આવકારી હતી!

"દરિયો..." માધવી સૌથી પહેલા ડ્રૉઇંગરૂમમાંથી દેખાતા દરિયાને જોઈને ખુશ થઈ ગઈ હતી. ઘોઘાના દરિયાકિનારેથી મુંબઈ જેવા મહાનગરમાં આવી પડેલી માધવી ઊંચાં-ઊંચાં મકાનો અને એકબીજાનાં ઘરોમાં જોઈ શકાય એવી અડોઅડ બાલ્કની ધરાવતાં દીવાસળીનાં ખોખાં જેવાં ઘરો જોઈને ગૂંગળાતી હતી, એ વાતની મહેન્દ્રને ખબર હતી!

લગભગ સૂરજ ઢળવાનો સમય હતો એ. આખા ડ્રૉઇંગરૂમમાં કેસરી રંગનાં કિરણો ફેલાઈ ગયાં હતાં.

"ઘર ગમ્યું?"

"બહુ જ સુંદર છે..." માધવી કાચની બહાર જોઈ રહી હતી. એનો ગોરો ચહેરો પણ કેસરિયા વર્ણનો થઈ ગયો હતો.

મહેન્દ્રએ માધવીની કમરમાં હાથ નાખ્યો અને એના ખભા પર પોતાની હડપચી ટેકવી, "તારાથી સુંદર કશું હોઈ જ શકે નહીં."

"બહુ પૈસા ખર્ચી નાખ્યા..."

'મારું આવનારું સંતાન આ ઘરમાં જન્મ લેશે માધવી." મહેન્દ્રએ કહ્યું હતું એ સાંજે મહેન્દ્ર અને માધવીએ બી-રોડ પરના 'અલકા' બિલ્ડિંગના ચોથા માળે જાણે લગ્નની પહેલી રાત ઊજવતાં હોય એવો સમય ગાળ્યો હતો.

આજનું કેસરી આકાશ જોઈ રહેલા મહેન્દ્રને એ સાંજ યાદ આવતાં જ ભીની આંખો સાથે હોઠ પર સ્મિત આવી ગયું.

એ ઘરની એકેએક યાદ સાથે મધુરતા જોડાયેલી હતી, કદાચ એટલે જ મહેન્દ્રને એ ઘરનું અને એ ઘરમાં એની સાથે જીવતી માધવીનું અજબ વળગણ હતું.

મહેન્દ્ર માનતો હતો કે માધવી એના જીવનમાં આવી પછી એની સંપત્તિમાં, શાખમાં રાત-દિવસ વધારો થતો રહ્યો હતો. માધવી મહેન્દ્રના જીવનમાં 'સુખ' નામનો શબ્દ લાવી રહી એમ એ હંમેશા કહેતો!

માધવી માટે પણ એની દુનિયા મહેન્દ્રથી શરૂ થઈને સોનાલી પર પૂરી થઈ જતી હતી.

સોનાલી, માધવી અને મહેન્દ્રનું એકનું એક સંતાન હતી.

આજે મહેન્દ્રને સોનાલી પણ ખૂબ યાદ આવતી હતી.

એને અચાનક વિચાર આવ્યો, 'આ વાત સોનાલીને કેવી રીતે કહીશ?'

ટેબલ પર બંધ કવરમાં લખેલી એ હકીકત મહેન્દ્ર માટે એક એવો સંદેશ લઈને આવી હતી, જેણે એની વીસ વર્ષની જિંદગીને રેતીના મહેલની જેમ વિખેરી નાખી હતી. સમુદ્રને કાંઠે નાનકડા બાળકે કાળજીપૂર્વક બાંધેલા મહેલ પર દરિયાનું એક મોજું આવે, એનું અસ્તિત્વ ભૂંસીને પાછું વળી જાય એમ આ કવરમાં લખેલા થોડાક શબ્દોએ મહેન્દ્રના કાળજીપૂર્વક બાંધેલા આખાય સંસારના મહેલને વિખેરી કાઢ્યો હતો.

મહેન્દ્ર થોડીથોડી વારે એ કવર તરફ જોઈ રહ્યો હતો. એણે કવર ખોલવાનું તો હતું જ... પરંતુ એ માટેની હિંમત એ સાંજના ચાર વાગ્યાથી ભેગી કરી રહ્યો હતો.

આજે જ્યારે એ કવર એના હાથમાં આવ્યું ત્યારે એને લાગ્યું હતું કે એણે ભેગી કરેલી બધી સંપત્તિ, એની પહોંચ, એની આવડત એની હોશિયારી નકામાં હતાં. એને આ કવરમાં લખેલા શબ્દો જાણે એણે મેળવેલી બધી જ સિદ્ધિ અને સુખની મજાક ઉડાવતા હોય એવું લાગતું હતું.

મહેન્દ્ર ક્યાંય સુધી એ કવર સામે જોઈ રહ્યો, પછી ધીમેથી આગળ વધીને પોતાની ખુરશી પર બેઠો. ધ્રૂજતા હાથે એણે કવર હાથમાં લીધું અને ખોલવા જ જતો હતો કે એની ચેમ્બરનો દરવાજો ધડાક કરતો ખૂલ્યો, "મને ખાતરી હતી કે તમે ઑફિસમાં જ છો."

મહેન્દ્રએ કવર સિફતથી કી-બોર્ડની નીચે મૂકી દીધું અને અચાનક ધસી આવેલી માધવી સામે જોઈને ફિક્કું સ્મિત કર્યું, "હું... હું હમણાં જ આવ્યો."

"તમે ઑફિસની બહાર ગયા જ નથી." માધવી સામેની વિઝિટર્સ ચેર ખેંચીને ગોઠવાઈ ગઈ. એનો ચહેરો તંગ હતો.

"અરે! તું મારા પર શંકા કરે છે?" મહેન્દ્રએ વાતને જોકમાં પલટીને વાતાવરણ હળવું કરવાનો પ્રયાસ કર્યો, "જ્યારે શંકા કરવાની હતી ત્યારે ના કરી અને હવે ૪૪ વર્ષે..."

"લાઇફ બિગિન્સ ઍટ ફોર્ટી. તમે જ કહો છો ને?" માધવી જોક કરવા માગતી હતી, પણ એના ચહેરા પરની એકેય રેખા હળવી થઈ શકી નહીં, "કેમ જુઠ્ઠું બોલ્યા?"

"હું ક્યાં કંઈ બોલ્યો જ છું?" મહેન્દ્રએ ફરી એક ફિક્કું સ્મિત કર્યું.

"તમે નહીં ને તમારી સેક્રેટરી... મને મહેરે કહ્યું કે તમે ઑફિસમાં નથી. હું સીધી ઘરેથી નીકળીને અહીંયાં આવી. મને ખાતરી હતી કે તમે અહીં જ હશો."

"આ તો રિસ્કી કહેવાય, નહીં? તમારી પત્ની તમને પહેલા જ જૂઠાણામાં પકડી પાડે અને તમે ક્યાં છો એ કોઈ શંકા વિના શોધી કાઢે..." મહેન્દ્રએ હસવાનો પ્રયત્ન કર્યો, "એનો અર્થ એવો થાય કે તમે લફરું કરવાને લાયક નથી રહ્યા."

“શું વાત છે મહેન?” માધવીએ મહેન્દ્રના હાસ્યને તદ્દન અવગણીને ગંભીર ચહેરે સીધું મહેન્દ્રની સામે જોઈને પૂછ્યું, “આજે લગ્નનાં વીસ વર્ષે પહેલી વાર તમે મારાથી કંઈ છુપાવ્યું છે…”

“છુપાવવા જેવું કંઈ છે જ નહીં માધવી.” મહેન્દ્રએ એની સાથે આંખ મિલાવ્યા વિના કહ્યું, “જસ્ટ લાઇક ધૅટ, મારે થોડી વાર એકલા રહેવું હતું.”

“તમે એવું મને કહી જ શકો.” માધવીએ મહેન્દ્રની આંખોમાં જોયું, “તમે પહેલાં એવું કહ્યું છે મને, નથી કહ્યું?”

મહેન્દ્ર પાસે કોઈ જવાબ નહોતો. એને સમજણ નહોતી પડતી કે એ શું કહે, જેનાથી માધવીના સવાલો ખાળી શકાય.

અને માધવીની વાત સાવ ખોટીય નહોતી. મહેન્દ્ર અને માધવી વચ્ચે એટલી પારદર્શકતા હતી કે આજનો પ્રસંગ માધવીને વિચલિત કરી મૂકવા માટે પૂરતો હતો.

“મહેન, બિઝનેસનું કોઈ ટેન્શન છે?”

“માધવી…” મહેન્દ્રએ એને સમજાવવાનો પ્રયાસ કર્યો, “મેં આજ સુધી કોઈ દિવસ બિઝનેસનું કોઈ ટેન્શન લીધું છે?” આટલું કહેતાંની સાથે જ એને સમજાયું કે પોતે સાચું બોલી ગયો હતો, સાચું બોલવાનો અર્થ હતો હવે માધવીના વધુ સવાલો…

“મહેન, પ્લીઝ મને કહી દો શું થયું છે?” માધવીનું ગળું ભરાઈ આવ્યું, “મારા કોઈ વર્તનને કારણે…” એની આંખોમાં ભીનાશ તરવરી આવી.

“અરે માધવી…” મહેન્દ્ર ખુરશીમાંથી ઊભો થઈ ગયો. આવીને માધવીના બંને ખભે હાથ મૂકી દીધા. માધવીને ડોકું ઢાળીને મહેન્દ્રના હાથ ઉપર પોતાનો ગાલ ઘસ્યો, “સાચું બોલો…”

“શું?”

“મહેન, તમે ડૉક્ટરને ત્યાં જઈ આવ્યા?”

“જો!” મહેન્દ્રએ પોતાના બંને હાથ માધવીના ગાલ પર મૂકી દીધા અને એનું ડોકું પાછળની તરફ ઢાળીને એના કપાળ પર હળવું ચુંબન કરી લીધું, “મને ક્યારનું થતું હતું કે હું કંઈક ભૂલું છું… અત્યારે તું બોલી ત્યારે યાદ આવ્યું કે ડૉક્ટરને ત્યાં જવાનું રહી ગયું.”

“પણ, મેં ફોન કર્યો ત્યારે ડૉક્ટર કાપડિયાની રિસેપ્શનિસ્ટે કહ્યું કે…”

“કે હું નથી આવ્યો.” મહેન્દ્રએ એની વાત અધૂરી જ કાપી નાખી, “શું કરું? આજે શુક્રવારના ક્લોઝિંગમાં ચાર વાગ્યાની ઍપૉઇન્ટમેન્ટ સાવ મગજમાંથી જ નીકળી ગઈ.” એણે માધવીના ગાલ પરથી હાથ લઈ લીધા અને અદબ વાળીને ચેમ્બરમાં આંટા મારવા માંડ્યા, “કાલે જઈ આવીશ.”

પણ કી-બોર્ડની નીચે મૂકેલું પેલું કવર માધવીને દેખાઈ ના જાય એના ભયનો કંપ મહેન્દ્રનો અવાજ ધ્રુજાવી ગયો.

"મહેન!" માધવી ઊભી થઈ અને મહેન્દ્રની નજીક આવી, એણે વ્યગ્ર થઈને આંટા મારતા મહેન્દ્રના ખભે હાથ મૂક્યા, એણે ફરી એક વાર એની આંખોમાં જોયું, "તમે ડૉક્ટરને ત્યાં જવાનું ભૂલી ગયા? આજે જૂઠ પર જૂઠ બોલવાનું નક્કી કર્યું છે?"

"માધવી..." મહેન્દ્રએ નજર ફેરવી લીધી. એ આગળ કશું બોલી શક્યો નહીં.

•

માધવીએ મહેન્દ્રના ગાલ પર હાથ મૂક્યો. મહેન્દ્રથી લગભગ એક ફૂટ નીચી માધવી પોતાના હાથ ઊંચા કરીને મહેન્દ્રના ગાલ પર હાથ મૂકી એની સામે જોઈ રહી હતી. માધવીની આંખો છલછલાઈ આવી. એના ચહેરા પર છેતરાયાના, છલાયાના ભાવ હતા.

"મહેન, મેં ડૉક્ટર કાપડિયાની રિસેપ્શનિસ્ટને ફોન કર્યો હતો. એણે મને કહ્યું કે તમે રિપોર્ટ લઈ ગયા છો."

નાનું બાળક રિપોર્ટકાર્ડ લઈને ઘરમાં દાખલ થાય એમાંયે જ્યારે એને બરાબર ખબર હોય કે રિપોર્ટકાર્ડમાં શું લખ્યું છે ત્યારે એના ચહેરા પર જેવા ભાવ હોય એવા, પકડાઈ ગયાના, અફસોસના ભાવ મહેન્દ્રના ચહેરા પર છુપાવી શકાય એવા નહોતા રહ્યા.

"રિપોર્ટ?" મહેન્દ્ર હસવા લાગ્યો, "રિપોર્ટ તો બાળપણથી ક્યારેય સારો નથી આવ્યો. તને તો ખબર છે, કાંતિલાલ માસ્તર હથેળી ખુલ્લી કરાવીને ઝપાઝપ સોટી મારતા મારા હાથમાં."

"ટૂંકમાં રિપોર્ટમાં એવી કોઈ વાત છે જે તમે મને કહેવા નથી માગતા." માધવીનો ચહેરો ગંભીર થઈ ગયો.

"એવું કંઈ નથી માધવી!"

"એવું ન હોય તો તમે રિપોર્ટ લઈને સીધા ઘરે આવો, સૌથી પહેલો આઇસક્રીમ ખાવાની વાત કરો. એને બદલે... આજે..." માધવીના હાથ હજી મહેન્દ્રના ગાલ પર જ હતા. એણે વજન આપીને મહેન્દ્રને નજીક ખેંચ્યો. એના હોઠ પર હોઠ મૂક્યા, એણે એક પ્રગાઢ ચુંબન કર્યું. લગ્નનાં ૨૦ વર્ષે એક પત્ની પોતાના પતિને કરે એવું, સંવેદનાથી છલોછલ, સાવ પોતીકું અને એટલું જાણીતું કે જેનાથી કંઈક કેટલાંય સ્મરણોનાં વન લીલાં થઈ જાય! માધવીએ જ્યારે પોતાના હોઠ મહેન્દ્રના હોઠ પર મૂક્યા ત્યારથી જ માધવીને મહેન્દ્રના આંસુની ખારાશ પોતાના હોઠ પર અનુભવી શકાઈ!

છતાં એણે એક સુંદર ચુંબન કરીને મહેન્દ્રને જ્યારે હળવેકથી છોડ્યો ત્યારે મહેન્દ્રની આંખો છલકાઈ રહી હતી.

"શું આમ રડતા હશો?" માધવીના ચહેરા સ્મિત આવી ગયું. મહેન્દ્ર ભીની આંખે માધવીની સામે જોઈ રહ્યો, લાંબા વાળનો ઢીલો ચોટલો, કપાળ ઉપર કોરા કંકુનો લાલ ચાંદલો, કાનમાં ખૂબ જ સાદા હીરાના કાપ, ગળામાં મંગળસૂત્ર, બે બંગડી અને ફૂલોની ભાતવાળી સાવ સાદી કોટાચેક્સની સાડી...

માધવીની આ સાદગી જ મહેન્દ્ર માટે સૌથી મોટું આકર્ષણ હતું.

પરણીને આવી ત્યારથી માધવી ફક્ત સાડી જ પહેરતી. પરદેશના પ્રવાસમાં કે મુંબઈમાં પણ ઘણી વાર મહેન્દ્ર એને સલવાર-કમીઝ કે જીન્સ પહેરવાનો આગ્રહ કરતો પણ માધવી ક્યારેય એને અનુકૂળ થઈ શકી જ નહીં!

એનું શરીર સુંદર અને એકવડિયું હતું. ૩૯ વર્ષે પણ શરીરમાં ક્યાંય ૫૦ ગ્રામ વધારાની ચરબી નહોતી. સ્ત્રી કરતાં વધારે કોઈ યુવતી જેવું શરીર હતું એનું, મહેન્દ્રના ઘણા ઓળખીતાની પત્નીઓ માધવીના શરીરની ઈર્ષા કરતી, એને અવારનવાર આધુનિક પાશ્ચાત્ય કપડાં પહેરવા, વાળ કપાવવા આગ્રહ કરતી, પરંતુ માધવીએ ક્યારેય સાડી પહેરવાનું છોડ્યું નહીં. ધીમેધીમે મહેન્દ્રને એનું આ અલગપણું, એની સાદગી જ સૌથી વધારે ગમવા લાગી હતી!

"મહેન..." માધવીના ચહેરા પર એક સ્મિત હતું, "જે હોય તે... આપણે બદલી શકવાનાં નથી." એણે મહેન્દ્રનો ગાલ થપથપાવ્યો, "પ્લીઝ મને કહો, રિપોર્ટમાં શું છે?"

"માધવી... એવું કંઈ ડરવા જેવું નથી."

"અચ્છા?!" માધવી હસી પડી, "એટલે તમે સાંજના અહીં બેસી રહ્યા છો? એટલે તમારી આંખો ભરાઈ આવી છે?"

"માધવી!" મહેન્દ્રએ માધવીને ખેંચીને પોતાના બાહુપાશમાં લઈ લીધી અને એવી રીતે જકડી લીધી જાણે પોતાની અંદર સમાવી લેવી હોય. એનો બેચેન હાથ માધવીની પીઠ પર, એના વાળમાં જાણે આધાર શોધતો હોય એમ ફરતો રહ્યો. માધવીએ પોતાના બંને હાથ મહેન્દ્રની આસપાસ લપેટીને હળવે-હળવે એની પીઠ પસારવા માંડી.

"મહેન..." માધવીના અવાજમાં અજબ શીતળતા અને શાંતિ હતાં. "માધવી, હું તને ખૂબ ચાહું છું, આઇ લવ યૂ..." મહેન્દ્રનો અવાજ જાણે રૂંધાઈ ગયો હતો.

"ચલો, એક વાત તો સારી થઈ!" માધવી છૂટી પડીને મહેન્દ્રની સામે જોઈ હસવા લાગી, "૨૦ વર્ષના લગ્નજીવનમાં તમે આજે પહેલી વાર મને આઇ લવ યૂ કહ્યું! રિપોર્ટમાં જે લખ્યું હોય તે પણ આ..." માધવીએ પંજા પર ઊંચા થઈને મહેન્દ્રના વાળમાં હાથ ફેરવ્યો, "પણ આ, આઇ લવ યૂ સાંભળીને મારી જિંદગી સાર્થક થઈ ગઈ." એ હજીયે હસી રહી હતી. મહેન્દ્રની આંખો ફરી ભરાઈ આવી.

"માધવી, આપણે હજીયે એક વાર બધા ટેસ્ટ કરીશું." એના અવાજમાં પોતાને જ સધિયારો આપતો હોય એવું પોલું આશ્વાસન હતું, "મને લાગે છે કે કંઈ ભૂલ થઈ છે."

"મહેન!" માધવી હળવેકથી છૂટી પડીને સામે મુકાયેલા વિઝિટર્સ સોફામાં બેસી ગઈ, "રિપોર્ટમાં શું છે એ હજી નથી કહ્યું તમે મને."

મહેન્દ્ર થોડી વાર કશું જ ના બોલ્યો, ચૂપચાપ માધવી સામે જોતો રહ્યો, પછી એ પણ માધવીની બાજુમાં સોફામાં બેસી ગયો, એણે માધવીના ખભે માથું મૂકી દીધું.

બહાર અંધકાર મુંબઈને પોતાની બાંહોમાં સમેટતો રહ્યો જ્યારે અહીં ઑફિસની અંદર મહેન્દ્રની ચેમ્બરમાં માધવી અને મહેન્દ્ર ખાસ્સી વાર સુધી ચૂપચાપ, મૌન એકબીજાની બાજુમાં બેસીને બહાર ઊતરતા અંધકારના ઓળાને જોતાં રહ્યાં...

બંનેમાંથી ખાસ્સી વાર સુધી કોઈ એક અક્ષર પણ ના બોલ્યું. માધવીના હાથ ઉપર, કાંડાં અને બાવડાં ઉપર મહેન્દ્રનો હાથ બેચેનીથી ફરતો રહ્યો. જાણે આખેઆખી માધવીને સ્પર્શથી ઓગાળીને જાણે પોતાની અંદર સમાવી લેવી હોય એવી રીતે એ માધવીને સ્પર્શી રહ્યો હતો.

મહેન્દ્રને અચાનક ખ્યાલ આવ્યો કે બહાર કાશીરામ રાહ જોઈ રહ્યો હશે. એટલે એણે આંખ બંધ કરીને સોફાના બૅકરેસ્ટ પર માથું ઢાળીને બેઠેલી માધવીને ધીમેથી કહ્યું, “માધવી...”

“હંમ...”

“આપણે ઘેર જઈએ?”

માધવી ઊભી થઈ, “મહેન, રિપોર્ટ તમારી પાસે છે ને?”

“હા!” મહેન્દ્ર જાણતો હતો કે હવે ખોટું બોલવાનો કોઈ અર્થ નથી.

“સાથે લઈ લેજો.” એટલું કહીને માધવી મહેન્દ્રની ચેમ્બરની બહાર નીકળી ગઈ, જાણે મહેન્દ્રને થોડો સમય એકલા પડવા અને સ્વસ્થ થવા માટે આપવો હોય એમ!

મહેન્દ્ર માટે ખરેખર આ સમય પોતાની સ્વસ્થતાના વીખરાઈ ગયેલા ટુકડા સમેટવાનો સમય બની રહ્યો. એણે થોડી વાર પોતાની બંને હથેળીઓ પોતાના ચહેરા પર ઢાંકી, આંખો મીંચીને થોડી પળ ઊંડા-ઊંડા શ્વાસ લીધા. પછી જાત સાથે જ વાત કરતો હોય એમ કહ્યું, ‘ખરેખર તો મારે માધવીને સાચવવાની છે એને બદલે હું જ આમ તૂટવા માંડ્યો?’ પછી પી.સી. શટડાઉન કરી પોતાના ટેબલનાં ડ્રૉઅર લૉક કર્યાં, ઑફિસમાં એક છેલ્લી નજર નાખી અને ખુરશી પરથી ઊભા થતાં પહેલાં કી-બોર્ડની નીચે મૂકેલું સફેદ એન્વલપ લઈને લેધરની ઑફિસ બ્રિફકેસમાં મૂક્યું.

એ બહાર આવ્યો ત્યારે માધવી કાશીરામ સાથે એના ઘર વિશે, એની પત્ની અને બાળકો વિશે વાતો કરી રહી હતી. મહેન્દ્ર પ્રશંસાભરી નજરે એની આ સરળતા અને આ સ્વાભાવિકતા જોઈ રહ્યો. પછી નજીક આવીને એણે માધવીના ખભે હાથ મૂક્યો, “જઈશું?”

જવાબમાં માધવીએ સ્મિત કર્યું એ બંને જણ ઑફિસની બહાર નીકળી ગયાં. પાછળ કાશીરામે લાઇટો બંધ કરવા માંડી હતી,

બિલ્ડિંગની બહાર નીકળીને મહેન્દ્રએ ઘડિયાળમાં જોયું, “સાડા આઠ થયા છે.”

“તો?”

“ક્યાંક બહાર જમીને ઘેર જઈએ.” માધવીએ નવાઈથી મહેન્દ્રની સામે જોયું. મહેન્દ્રને ભાગ્યે જ બહાર જમવાનું ગમતું. એટલી હદ સુધી કે બિઝનેસ ડિનર અથવા પાર્ટીમાં જવું જ પડે એવું હોય તો મહેન્દ્ર ઘેરથી થોડું જમીને જતો.

મહેન્દ્ર એકદમ દાળ-ભાત, શાક-રોટલીનો માણસ હતો. ચાઇનીઝ, કૉન્ટિનેન્ટલ કે પંજાબી ખાણાં એને જરાય નહોતાં ભાવતાં એવું એ વારંવાર કહેતો અને આજે, એણે સામેથી બહાર જમવાની વાત કરી હતી.

"પણ, હું તૈયારી કરીને આવી છું."

"એથી શું?" મહેન્દ્રએ માધવીની આંખોમાં જોયું, "ચાલ ને, 'ગેલોર્ડ'માં કે 'જાઝ બાય ધ બે'માં કે ઑબેરૉયમાં... તને ગમે ત્યાં જમીએ."

"પણ મહેન..."

"ચાલ ને માધવી! થોડી વાર બેસીશું, વાતો કરીશું..." મહેન્દ્રના અવાજમાં જે ખાલીપો હતો તે સાંભળ્યા પછી એને ના પાડવાની ઇચ્છા ના થઈ.

બંને જણ ચાલતાં-ચાલતાં 'ગેલોર્ડ' સુધી આવ્યાં. સામાન્ય રીતે આવી કોઈક સાંજે ચાલવા નીકળ્યાં હોય તો માધવીને કહેવાનું ઘણું હોય. એને એટલી બધી વાતો કરવી હોય, પરંતુ આજે બંને જણ સાવ ચૂપચાપ-સાથે ચાલતાં હોવા છતાં જાણે પોતપોતાની દુનિયામાં ખોવાયેલાં અને સાવ એકલવાયાં હતાં.

"મહેન!" માધવીએ અચાનક કહ્યું, એનો ચહેરો અચાનક બદલાઈ ગયો, ઘડીભર પહેલાંની માધવી જે પોતાની જાતમાં ડૂબેલી એકલવાયી અને ઉદાસ લાગતી હતી એ અચાનક જ જાણે રોજની ખુશમિજાજ અને વહાલસોયી માધવી બની ગઈ. એના ચહેરા પર લગભગ એક કલાક પછી ફરી એ જ સ્મિત પ્રગટ્યું જે રોજ સાંજે મહેન્દ્ર માટે દરવાજો ખોલતાં છલકાઈ ઊઠતું. એણે મહેન્દ્રને બાવડામાંથી પકડી લીધો અને બીજા હાથની આંગળીઓ મહેન્દ્રની આંગળીઓમાં પરોવી. એની આંખોમાં અજબ જેવું તેજ ઝળકી ઊઠ્યું, "જુઓ, હું મરી પણ જવાની હોઉં તો મારે આટલી ઉદાસીમાં અને એકલતામાં નથી મરવું."

મહેન્દ્રએ માધવીના હોઠ પર પોતાની આંગળીઓ મૂકી દીધી. "મરે શું કામ?" મહેન્દ્રએ આ વાક્ય કહ્યું તો ખરું પણ આ વાક્યમાં સંભળાતો બોદાપણાનો ખાલીપો એને પોતાને જ ધ્રુજાવી ગયો, "આમાં મરવાની વાત ક્યાંથી આવી?"

"મહેન... રિપોર્ટમાં કશુંક સિરિયસ છે એ હું સમજી શકું છું." માધવીનો અવાજ ગંભીર હતો પણ ચહેરા પર સ્મિત હતું. બંને જણ 'ગેલોર્ડ'ની બહાર ઓપનએરમાં મુકાયેલી ખુરશીઓમાં ગોઠવાયાં.

"ગંભીર તો છે!" મહેન્દ્ર હવે ધીમેધીમે ખૂલવા લાગ્યો હતો. માધવીના ચહેરા પર આવી ગયેલી હળવાશ અને સ્મિત જોઈને એને હિંમત આવી હતી. એ માધવી સામે જોઈ રહ્યો.

એની આંખો માધવીના ચહેરા પર હતી અને મનમાં આજે બપોરે ચાર વાગ્યે ડૉ. કાપડિયાની ચેમ્બરમાં એણે જે સાંભળ્યું હતું એ બધું જ ફરી-ફરી પડઘાઈ રહ્યું હતું.

"મહેન્દ્રભાઈ, મને એ નથી સમજાતું કે તમે આટલા દિવસ સુધી રાહ કેમ જોઈ?"

"એટલે?" મહેન્દ્રને હજી ચાલી રહેલી વાતની ગંભીરતા નહોતી સમજાઈ.

"મહેન્દ્રભાઈ," ડૉ. કાપડિયાના ચહેરા પર એક અજબ જેવી ગંભીરતામાં ઝબોળાયેલી પીડા હતી, "માધવીબહેનની તબિયત વિશે આપણે તાત્કાલિક નિર્ણયો કરવા પડશે."

"કંઈ સિરિયસ છે?"

"બધું જ સિરિયસ છે મહેન્દ્રભાઈ, પણ છતાં મને હજી થોડાં વધારે ટેસ્ટ કરાવવાં છે. કંઈ પણ નિદાન કરતાં પહેલાં મારે એકદમ ચોક્કસ થઈ જવું છે."

"નિદાન?" હવે મહેન્દ્રનું ગળું સુકાવા લાગ્યું, એને લાગ્યું કે હવે ઍરકન્ડિશન ચેમ્બરમાં પણ એને પરસેવો વળતો હતો. એ સ્થિર નજરે ડૉ. કાપડિયા સામે જોઈ રહ્યો.

"હા, મહેન્દ્રભાઈ." ડૉ. કાપડિયા માટે આ નવું નહોતું. એ કંઈ કેટલાયે પેશન્ટને રોજેરોજ આવી વિગતો આપતા જ હશે. એમના માટે સામે બેઠેલી વ્યક્તિના આવા હાવભાવ કંઈ બહુ ડરાવી કે વિચલિત કરી નાખનારા નહોતા જ. "આપણે હજી એક-બે ડિટેલ ટેસ્ટ કરાવી લઈએ પણ મને લાગે છે કે માધવીબહેનના પેટમાં પાણી ભરાય છે. યુટ્રાઇન કેવિટીમાં એક-બે નાની ગાંઠો તો હતી જ, મેં તમને ત્રણ-ચાર વર્ષ પહેલાં પણ કહેલું."

"ગાંઠો?" મહેન્દ્રને પોતાનો જ અવાજ ધ્રૂજતો લાગ્યો હતો.

"મહેન્દ્રભાઈ, ડરી જવાની જરૂર નથી. વિજ્ઞાન ઘણું આગળ વધ્યું છે, દરેક રોગની સારવાર છે જ." ડૉ. કાપડિયા માટે કદાચ આ રોજના સંવાદ હતા, "ઈશ્વરે આપેલા ખૂબ પૈસા છે તમારી પાસે, જરૂર પડશે તો માધવીબહેનને પરદેશ લઈ જઈશું."

"માધવીને શુ થયું છે?' મહેન્દ્રનો અવાજ અનાયાસે ઊંચો થઈ ગયો. એને પોતાને પણ ખ્યાલ આવ્યો કે એણે આ સવાલ લગભગ બૂમ પાડીને પૂછ્યો હતો. એ જરા સંકોચાઈ ગયો, "આઇ ઍમ સૉરી!"

"નૉટ અ પ્રૉબ્લેમ!" ડૉ. કાપડિયાએ ટેબલ પર મુકાયેલા મહેન્દ્રના હાથ ઉપર પોતાનો હાથ મૂક્યો, "ડરી જવાની જરૂર નથી, પણ આપણે સમજી લેવું જોઈએ કે માધવીબહેનનાં લક્ષણો ગર્ભાશયના કૅન્સરનાં થર્ડ સ્ટેજનાં લક્ષણો છે."

"વૉટ?" મહેન્દ્રથી ફરી ચીસ પડાઈ ગઈ.

"કૅન્સરથી આટલા બધા ડરી જવાની જરૂર નથી મહેન્દ્રભાઈ. દરેક વખતે કૅન્સરનો અર્થ આપણે ધારીએ છીએ એટલો ગંભીર નથી હોતો."

"ડૉ. કાપડિયા, માધવીને તાવ આવે તો પણ મારું ઘર અસ્તવ્યસ્ત થઈ જાય છે, મારું અસ્તિત્વ હચમચી જાય છે. મારી ચાના પહેલા કપથી શરૂ કરીને રાતના બેડરૂમમાં લાઇટ બંધ કરીને મને બ્લેન્કેટ ઓઢાડવા સુધીનો મારો દિવસ માધવીની આસપાસ જ ધબકે છે. તમે જે બોલો છો એનાથી મારું આખું અસ્તિત્વ હચમચી ગયું છે અને તમે કહો છો, ગંભીર નથી?"

•

'ગેલોર્ડ'માં માધવીની સામે બેઠેલો મહેન્દ્ર માધવીની આંખોમાં જોઈ રહ્યો હતો અને વિચારી રહ્યો હતો કે પોતાની બ્રિફકેસમાં પડેલું એન્વલપ જે ક્ષણે ટેબલ પર આવશે તે ક્ષણે શું થશે?

•

**"શું છે?"** માધવીએ ટેબલ પર મૂકેલા મહેન્દ્રના હાથ પર હાથ મૂક્યો, "કહી નાખો." એના ચહેરા પર સાવ શાંતિ અને સ્વાભાવિકતા હતી.

"માધવી..." મહેન્દ્ર થોડી વાર આમતેમ જોતો રહ્યો, "મને આ કાપડિયા પર બહુ વિશ્વાસ નથી."

"અરે!" માધવી હસવા લાગી, "કેમ? આપણે જે નહોતો જોઈતો, જે નહોતો ધાર્યો એવો રિપોર્ટ આવ્યો છે એટલે તમને ડૉ. કાપડિયા પર વિશ્વાસ નથી?"

"એવું નથી, પણ મને નથી લાગતું કે એણે બરાબર ચેક-અપ કર્યાં હોય."

"મહેન..." માધવી મહેન્દ્રના હાથ પર મૂકેલા પોતાના હાથથી ધીરેધીરે મહેન્દ્રના હાથ પંપાળી રહી હતી, "હું નહીં જીવું એવું કહ્યું?"

"એવું બધું કંઈ નથી થવાનું, કાપડિયામાં બુદ્ધિ નથી." લગ્નના દોઢ દાયકાથી વધુ સમય સાથે ગાળ્યા છતાં માધવીએ મહેન્દ્રને ક્યારેય આટલો ઉગ્ર, આટલો વિચલિત અને આ ભાષા વાપરતો નહોતો જોયો.

"મહેન..." માધવી જાણે નાના બાળકને સમજાવતી હોય એટલા વહાલથી મહેન્દ્રને સમજાવતી હતી, "મને કહો, ડૉ. કાપડિયાએ શું કહ્યું?"

માધવીના અવાજમાં કોણ જાણે શું સાંભળ્યું કે મહેન્દ્રએ એક શબ્દ બોલ્યા વિના નીચા નમી, બ્રિફકેસ લઈ, ઉઘાડી અને એમાંથી કવર કાઢીને ટેબલ પર મૂકી દીધું.

માધવીએ એ કવર હાથમાં લીધું. જાણે કોઈ લગ્નનું ઇન્વિટેશન, પાર્ટીનું આમંત્રણ ખોલતી હોય એટલી સ્વાભાવિકતાથી એ કવર ખોલ્યું અને અંદરથી ચાર-પાંચ કાગળોનો એ બંચ કાઢીને જોવા લાગી. એણે ધ્યાનથી વાંચ્યું, કાગળો ઉથલાવ્યા, પછી ફરીથી એવી જ રીતે ત્રણ ફોલ્ડ કરીને કાગળ ટેબલ પર મૂકી દીધા.

"મને કંઈ સમજાયું નહીં. ટૂંકમાં કહો ને."

'ડૉ. કાપડિયાનું કહેવું છે કે...' મહેન્દ્રએ પોતાનો હાથ માધવીના હાથ નીચેથી કાઢીને ઉપર મૂક્યો, "તને..." એણે ટેબલ પર પડેલો પાણીનો ગ્લાસ ઉઠાવી એક શ્વાસે પૂરો કર્યો, "એમનું કહેવું છે, આપણે હજુ ઓપિનિયન લઈશું..."

'હા, હા... પણ એમનું કહેવું શું છે?" માધવી હવે અકળાઈ ગઈ હતી. "ડૉ. કાપડિયા કહે છે કે તને ગર્ભાશયનું કેન્સર છે."

"ઓહોહો!" માધવીના ચહેરા પર એકદમ સ્વસ્થતા હતી, "કેન્સર કંઈ અસાધ્ય રોગ નથી મહેન..." એણે બને એટલા સ્વાભાવિક અવાજે કહેવાનો પ્રયત્ન કર્યો, પણ એને પોતાને

લાગ્યું કે એના અવાજમાં સહેજ કંપ ભળી ગયો હતો, “બહુ-બહુ તો ગર્ભાશય કાઢી નાખશે. એમાં ડરવાનું શું?”

“જો માધવી!” મહેન્દ્રનો અવાજ પહેલાં કરતાં પણ સહેજ વધારે ગંભીર થઈ ગયો, “મેં આજ સુધી જિંદગીમાં કંઈ છુપાવ્યું નથી. એટલે આજે પણ કંઈ છુપાવીશ નહીં.” એણે ઊંડો શ્વાસ લીધો, “તેં મને કહેવામાં ઘણી વાર લગાડી એ પછી આપણે ડૉક્ટર પાસે જવામાં એનાથી વધારે વાર લગાડી છે.”

“એટલે?” હવે માધવીના અવાજમાં પણ ગંભીરતા પડઘાઈ. “એટલે કેન્સર ખાસ્સું વધારે ફેલાઈ ચૂક્યું છે. થર્ડ સ્ટેજથી પણ સહેજ વધારે આગળ કહી શકાય...” એણે માધવીની સામે જોયું. એનો અવાજ અને આંખો બંને ભીનાં થઈ ગયાં, “એવું... એવું ડૉ. કાપડિયા કહે છે.”

બંને જણ ખાસ્સી વાર સુધી સાવ ચૂપચાપ અન્યમનસ્ક બેસી રહ્યાં. બંનેની વચ્ચે કંઈ કેટલીયે અજંપાની પળો ચૂપચાપ પસાર થઈ ગઈ. પહેલી વાત કોણ શરૂ કરે એ પણ જાણે શાંતિને ચીરી નાખવાનો એક ભય હોય એવી રીતે બંનેની આંખો ફરી-ફરીને એકબીજાની સામે જોતી રહી, પરંતુ શરૂઆતનો પહેલો શબ્દ બંનેને જાણે જડતો નહોતો!

“મહેન....” માધવીએ ખૂબ શાંતિથી જાણે ક્યાંક ઊંડી ગુફામાંથી બોલતી હોય એમ કહ્યું.

“હં... હં...” મહેન્દ્ર ચોંક્યો.

“ટૂંકમાં, મારી પાસે કેટલો સમય છે?”

“એવું શું કામ વિચારે છે? હું તને પરદેશ લઈ જઈશ, તારી દવા કરાવીશ, તને કંઈ નહીં થવા દઉં માધવી...”

“એમ?” માધવીના ચહેરા પર પીડામાં ડૂબેલું એક સ્મિત આવી ગયું, “એણે મારી ટિકિટ તો ફાડી નાખી છે. તારીખ કઈ છે એટલું જ મારે જાણવું છે.”

“માધવી...” મહેન્દ્રએ એના હાથ પર મૂકેલો પોતાનો હાથ જોરથી દબાવી દીધો, “તું જ આશા છોડી દઈશ તો હું કોના ભરોસે લડીશ?”

“આપણે લડવાનું નથી.” માધવીના ચહેરા પર હજીયે એવી જ સ્વસ્થતા અને સૌમ્યતા અકબંધ હતી, “સ્વીકારવાની શરૂઆત કરવાની છે મહેન...”

“કાપડિયા કંઈ ભગવાન નથી.”

“ને આપણે પણ ભગવાન નથી.” માધવીએ મહેન્દ્રની સામે જોયું, “મને ભૂખ લાગી છે. ખાવાનું ઑર્ડર કરો.”

મહેન્દ્રએ બે વાર આવીને પાછા ગયેલા સ્ટ્યુઅર્ડને હાથના ઇશારાથી નજીક બોલાવ્યો એણે કાંદા-લસણ વગરનું ખાવાનું ઑર્ડર કરવા માંડ્યું. માધવી નવાઈથી એની સામે જોઈ રહી. માધવી કાંદા-લસણ નહોતી ખાતી, પણ મહેન્દ્રને કાંદા વગર ખાવાનું બેસ્વાદ લાગતું. એમના ઘરમાં હંમેશાં બે જણ માટે બે પ્રકારનું ખાવાનું બનતું!

મહેન્દ્ર માધવીને અવારનવાર કહેતો, 'તને ખબર જ નથી તું શું ગુમાવે છે. કાંદા-લસણ વગર તે કંઈ ખાવાનું બને? હું મરી જાઉં, પણ કાંદા-લસણ વગરનું ના ખાઉં."

આજે અચાનક મહેન્દ્ર પણ કાંદા-લસણ વગરનું જમવા તૈયાર થઈ ગયો એ જોઈને માધવી હસી પડી.

"શું કામ?" એણે પૂછ્યું.

"બસ, એમ જ..." મહેન્દ્રને જવાબ સૂઝ્યો નહીં.

"મારી પહેલાં તો તમે માની લીધું કે હું મરી જવાની છું." માધવી હજી હસી રહી હતી, "બધું મને ગમે એવું કરવા માંડ્યું? મને ખુશ રાખવા માગો છો, કારણ કે બહુ ઓછા દિવસ છે મારી પાસે?"

"અ...બ... એવું કંઈ નથી. આ તો મને થયું કે બે જણ માટે જુદું ક્યાં મગાવું?"

"પૈસા બચાવો છો?" માધવીના ચહેરા પર અજબ જેવું સ્મિત હતું. મોટે ભાગે એના ચહેરા પર આવું સૌમ્ય સ્મિત હંમેશાં રહેતું. એ ભાગ્યે જ ચિડાતી. ફરિયાદ કદી ના કરતી. કોઈ પણ વાત કહેવી હોય તો યોગ્ય સમય જોઈને, શાંતિથી, ઓછા શબ્દોમાં પોતાની વાત કહેવાની અજબ આવડત હતી એનામાં!

"માધવી!"

"મહેન..." માધવીએ હાથ લંબાવીને મહેન્દ્રના ગાલને અછડતો સ્પર્શ કર્યો, "આ પહેલાં પણ આપણે ઘણી વાર બહાર જમવા આવ્યાં છીએ અને ઘણી વાર બે જણ માટે જુદું જમવાનું પણ મગાવ્યું છે."

"તારે દરેક વાતમાં એક જ રીતે જોવું છે." મહેન્દ્ર જાણે પકડાઈ ગયો હોય એમ અકળાઈ ગયો, "સમજતી કેમ નથી?"

"સમજવાનો જ પ્રયત્ન કરું છું મહેન..." અચાનક જ એને ડૂમો ભરાઈ આવ્યો. સ્થળ-કાળનું ભાન ભૂલીને એની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં, "હું જે જીવી છું, જેવું જીવી છું એનો સંતોષ છે મને. તમારી સાથે ગાળેલી એક-એક ક્ષણ ખરેખર અથાગ સુખની ક્ષણો હતી." એણે ગાલ ઉપર આવી ગયેલાં આંસુ હથેળીથી લૂછી કાઢ્યાં, "મને ગમ્યું હોત તમારી સાથે ઘરડા થવું, ચશ્માં પહેરવાં, એકબીજાનો હાથ પકડીને ધ્રૂજતા પગે રસ્તો ક્રૉસ કરી, મરીન ડ્રાઇવની પાળે આથમતો સૂરજ જોવો..." હવે માધવીની અંદર સ્વસ્થતા પીગળવા લાગી હતી, "તમારી બાજુમાં બેસીને સોનાલીનું કન્યાદાન કરવું. એને વળાવીને ઘેર પાછાં આવી, તમને ભેટીને ધ્રુસકે-ધ્રુસકે રડવું.... ગમ્યું હોત મને!" એની આંખો જાણે પીગળીને વહેવા લાગી હતી.

આસપાસના ટેબલ પર બેઠેલા એક-બે જણે એમની સામે જોયું, પણ મુંબઈ શહેરમાં પોતાની જ પીડાનું વજન એટલું લાગતું હોય છે માણસને કે કોઈની પીડામાં રસ લેવા જેટલી સંવેદના બચી શકતી નથી.

"મહેન, એક છોકરી પરણેને ત્યારે મેંદી મૂકેલા હાથની પાછળ છુપાયેલી હસ્તરેખામાં સપનાં લઈને આવતી હોય છે. અગ્નિની જ્વાળાની સામે અપાતાં સપ્તપદીનાં સાત વચનોમાં સાત જનમ સાથે જીવવાની ઝંખના હોય છે." માધવી એકદમ સંવેદનશીલ થઈ ગઈ હતી. મહેન્દ્રને લાગ્યું કે ઘેર જ ગયાં હોત તો કદાચ સારું થાત.

"મહેન, આપણે સાથે ગાળેલાં આ બધાં જ વર્ષો હું ભરપૂર જીવી છું. સી. પી. ટૅન્કના એ એક રૂમના ઘરમાં ઊજવેલી મધુરજનીથી શરૂ કરીને આ પળ સુધી તમે મને એ બધું જ આપ્યું છે, જે એક પત્નીની અપેક્ષા હોય. બલકે એનાથી ઘણું વધારે! સુખનો ઓડકાર આવી ગયો છે મહેન..." એની આંખો હજી વહી રહી હતી, "ઈશ્વરને પણ લાગ્યું હશે કે હવે આનાથી વધારે સુખ નહીં સમાય, મારી જિંદગીમાં, મારા પાલવમાં..."

"માધવી!" મહેન્દ્રની આંખો પણ ભીંજાઈ ગઈ, એ ઊભો થઈ ગયો, "ઘેર જવું છે?"

"ના, અહીં જ વાત કરીશું." આજે પહેલી વાર માધવીએ મહેન્દ્રની વાતમાં હા પાડવાના બદલે મક્કમતાથી પોતાની મરજી કહી હતી. મહેન્દ્ર બેસી ગયો.

બંને ક્યાંય સુધી ચૂપ રહ્યાં.

ખાવાનું આવ્યું, પીરસાયું, જમાઈ ગયું.

પણ બંનેમાંથી કોઈ એક અક્ષર બોલી શક્યું નહીં. પોતપોતાની રીતે બંને જણ જાણે જિંદગીના દોઢ દાયકાથી વધુ સમયને રિવાઇન્ડ કરીને જોઈ રહ્યાં હતાં.

•

"શું નામ તમારું?" અઢાર વર્ષની એક છોકરી બંને હાથના અંકોડા એકબીજામાં ભિડાવીને નીચું જોઈને સોફામાં બેઠી હતી. સામે ચા-નાસ્તાની પ્લેટ પડી હતી.

"માધવી..." એ છોકરીએ પોતાની લાંબી-લાંબી પાંપણો ઉઠાવીને સામે બેઠેલા ૨૫-૨૬ના છોકરા સામે જોયું.

"હું મુંબઈ રહું છું." એ છોકરો સામે બેઠેલી છોકરીને ડરાવવા માગતો હતો કે સત્ય કહેવા માગતો હતો એ બેની વચ્ચે સામે બેઠેલી છોકરી ફરક શોધવા મથી રહી, "એક રૂમનું ઘર છે મારું. ત્રીજે માળે, લાકડાની સીડી છે. પાણી નીચેથી ભરવું પડશે. સંડાસ કૉમન છે. અહીં જેવું આંગણું, મોટું ઘર, બગીચો કંઈ નથી ત્યાં."

"વરમાંથી ઘર થાય એવું મારી મા કહે છે." છોકરીની કાળી આંખોમાં ગજબ આત્મવિશ્વાસ હતો.

"તમે મુંબઈની ઘણી વાતો સાંભળી હશે, પણ એવું ત્યાં કંઈ નથી. મારો પગાર ટૂંકો છે. નાટક-ચેટક, સિનેમા, બહાર ખાવાના ખર્ચા મને નહીં પોસાય."

"મને રાંધતાં આવડે છે."

"અને બીજું, હું તરત નહીં લઈ જાઉં. લગન કરીને અહીં જ રહેવું પડશે."

"એ મને નહીં ફાવે." છોકરીના અવાજમાં જે રણકાર હતો એ સાંભળીને મહેન્દ્ર એનો કાયલ થઈ ગયો, "હું આવીશ તો જોડે જ. ઘર ભલે નાનું હોય, સગવડો ના હોય, મહેનત કરીશ, પણ તમારા વિના નહીં રહું."

મહેન્દ્ર એની સામે જોઈ રહ્યો. એના ચહેરા પર અજબ પ્રકારનું માર્દવ હતું. સ્ત્રીત્વથી છલકાતો એ ચહેરો મહેન્દ્રની છાતીમાં જડાઈ ગયો. એની મક્કમતા અને સ્પષ્ટતા, નમ્રતા અને છતાં પોતાની વાત કહેવાની દૃઢતા. મહેન્દ્રને લાગ્યું કે એ આટલાં વર્ષોથી આ જ છોકરીને શોધતો હતો!

•

માધવી મહેન્દ્રને પરણીને એની સાથે એ જ ગાડીમાં મુંબઈ આવી હતી.

એ પછી પિયર જવાની કોઈ ઇચ્છા કે જીદ માધવીએ ક્યારેય નહોતી કરી! ક્યારેક મહેન્દ્ર મજાકમાં કહેતો, "બે-ચાર દિવસ જા તો તને યાદ કરું... તને મિસ કરું... પાછી બોલાવવાની ઇચ્છાય થાય."

માધવી હંમેશાં એક જ જવાબ આપતી, "તમને મૂકીને ક્યાંય જવાનું મન જ નથી થતું."

જોકે થોડાંક જ વર્ષોમાં માધવી મહેન્દ્રના જીવનનો એક એવો ભાગ બની ગઈ હતી કે સોનાલીની ડિલિવરી વખતે માધવીએ મા-બાપ પાસે જવાની વાત કરી ત્યારે મહેન્દ્રએ ઘસીને ના પાડી દીધી હતી!

દોઢ દાયકાથી વધારેના આ સહજીવનમાં મહેન્દ્ર માટે એના હાથરૂમાલથી શરૂ કરીને એની ઑફિસની ફાઈલ અને બ્લૅકની કૅશ સુધીનું બધું જ માધવીની આસપાસ ફર્યા કરતું.

આજે અચાનક મહેન્દ્રને લાગ્યું કે માધવી એના જીવનનો એવો અભિન્ન ભાગ હતી કે જેના નહીં હોવાના વિચાર માત્રથી મહેન્દ્રનું આખું અસ્તિત્વ લીરેલીરા થઈ ગયું હતું.

બિલ ચૂકવીને 'ગેલોર્ડ'થી બી-રોડની ફૂટપાથ પર સાથોસાથ ચાલતાં મહેન્દ્ર અને માધવી પોતપોતાની દુનિયામાં ખોવાયેલાં હતાં. વિચારોમાં ખોવાયેલા મહેન્દ્રએ અચાનક જ પોતાની બાજુમાં ચાલતી માધવીનો હાથ પકડીને એની આંગળીઓમાં આંગળીઓ પરોવી અને એનો હાથ મજબૂતીથી પકડી લીધો.

માધવી પણ મહેન્દ્રનો હાથ પકડીને ચૂપચાપ ચાલતી રહી.

બંનેના પકડાયેલા હાથમાં એક અસહાય વિયોગ હતો, આવનારી પળોથી ધ્રૂજતાં બંને પોતાની અસ્વસ્થતા એકબીજાથી છુપાવવાનો પ્રયાસ કરતાં હતાં છતાં બંને જાણતાં હતાં કે આ સમાચાર બંનેને કેટલા ઊંડે સુધી કોરી ગયા છે!